ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઈન્દ્રોડા પાર્કના વાઘ 'ગૌરવ'નું મૃત્યુ



(તસવીર : દિપક જાની)

## વૃદ્ધાવસ્થાના કારણે કુદરતી મોત : પાર્કમાં જ તેની અંતિમ સંસ્કારની વિધિ કરી વિદાય અપાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્ક પ્રાણી સંગ્રાહલયમાં આજે કુદરતી રીતે નર વાઘ ગૌરવનું અવસાન થવા પામ્યું છે. આથી પ્રાણી પ્રેમીઓમાં શૉકની લાગણી પ્રસરી જવા પામી હતી. વર્ષ-૨૦૦૯માં સક્કરબાગમાંથી ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં લાવવામાં આવ્યો હતો. જેનું વયોવૃદ્ધતાના કારણે આજે મોત થતા પાર્કમાં જ તેના અંતિમ સંસ્કાર કરી વિદાય આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૧૯૯૫ એપ્રિલ-૨ ઉના રોજ કાનપુર પ્રાણીસંગ્રાહલયમાં નર વાઘ 'ગૌરવ'નો જન્મ થયો હતો. નર વાઘ ગૌરવને ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ માદા વાઘ 'નિધી' સાથે સક્કરબાગ પ્રાણી સંગ્રાહલ જૂનાગઢમાંથી ગાંધીનગર ઈન્દ્રોડા પાર્ક પ્રાણી સંગ્રાહલય ખાતે લાવવામાં આવ્યા હતા. નર વાઘ ગૌરવની તબિયત છેલ્લા એક વર્ષમાં વૃદ્ધાવસ્થાને કારણે નબળી પડી હતી. આથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ગાંધીનગરના પશુચિકિત્સક અને આણંદ પશુચિકિત્સકના માર્ગદર્શન હેઠળ સારવાર કરવામાં આવી હતી. દરમિયાન છેલ્લા એક અઠવાડિયાથી નર વાઘ ગૌરવની તબીયત વધુ લથડતા હરવા-ફરવાનું અને ખોરાક લેવાનું પણ બંધ કરી દેતા પશુચિકિત્સકોના માર્ગદર્શન હેઠળ સારવાર આપવા છતા આજે નર વાઘનું કુદરતી મોત થયું હતું અને બાદમાં પી.એમ. કરાવી ઈન્દ્રોડા પાર્કમાં જ તેની અંતિમ સંસ્કારની વિધિ કરી ગાંધીનગરના ગીર ફાઉન્ડેશન સંચાલીત ઈન્દ્રોડા પાર્કના ગૌરવ સમાન 'ગૌરવ' વાઘને વિદાય આપવામાં આવી હતી. આ દુ:ખદ ઘટનાને પગલે પ્રાણી પ્રેમીઓમાં ભારે શૉકની લાગણી ફેલાઈ હતી.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેરના પાંચ સાહિત્યકારોએ સાહિત્ય પરિષદની ચૂંટણીમાં ઝુકાવ્યું છે. જેમાં શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી ધ્વનિલ પારેખ, શ્રી કેશુભાઈ દેસાઈ, પ્રજ્ઞાબેન પટેલ અને ફિલીપ કલાર્કનો સમાવેશ થાય છે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર તથા ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા કેન્દ્ર સરકારે શહેરી વિકાસ અંગે યોજેલી રાષ્ટ્રીય સ્તરની બેઠકમાં શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વ નીચે રાજય પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે દિલ્હી ગયા છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે ચરેડી ખાતે એક મેડીકલ કેમ્પનું તથા ટિફીન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના આગેવાનોની એક બેઠક આજે જિલ્લા પ્રમુખશ્રી જશુભા રાણાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં લોકસભાની ચૂંટણી અંગેની ચર્ચાઓ કરવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન પોંડીચેરી ખાતે રાષ્ટ્રીય સ્તરની વાહકજન્ય રોગચાળાની તાલિમ લઈ પરત આવ્યા છે.
- ખેડબ્રહ્માના ધારાસભ્ય શ્રી અશ્વિન કોટવાલ સાઉથ આફ્રિકામાં યોજાયેલ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસો.ની બેઠકમાં ભાગ લેવા જઈ રહ્યા છે.
- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી ચારેલને માઈલ્ડ ચિકનગુનિયાની અસરો જણાય છે તેમને ચાલવામાં તકલીફ પડી રહી છે.

# ઠંડુ ખાવાની મોજ પડે તેવી અવનવી વેરાયટીઓ બજારમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૬

શીતળા સાતમના દિવસે ઠંડુ ખાવાની મોજ પડી જાય તેવી અવનવી વાનગીઓ બજારમાં ઉપલબ્ધ થઈ છે. ઘરમાં રાંધવાની કડાકૂટ મુકી બજારમાંથી જ તૈયાર વાનગીઓ લાવવાની ઈચ્છા થાય તેવી થેપલાંથી લઈને સુકીભાજી સુધીની વાનગીઓ બજારમાં વેચાઈ રહી છે.



(તસવીર : નિકેશ બારોટ)

રાંધણછઠ્ઠ ઘરમાં અવનવુ રાંધીને બીજા દિવસે એટલે કે સાતમે ખાવાની પરંપરા છે. સાતમે ચુલાને સળગાવવામાં આવતો ન હોવાથી ગૃહિણીઓ છઠ્ઠના દિવસે દસેક વાનગીઓ બનાવે છે. જો કે હવે બજારમાં જ એટલી બધી વેરાયટી ઉપલબ્ધ છે કે ગૃહિણીઓ ઘરમાં બધુ જ રાંધવાની પળોજણ કરતી નથી. સ્વીટમાર્ટ-ફરસાણની દુકાનોમાં સાતમે ખાઈ શકાય તેવી અવનવી વાનગીઓ ઉપલબ્ધ બની છે. પાત્રા, વડા, ઢોકળા ૧૬૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહ્યા છે જ્યારે થેપલા, ઢેબરાની સાથે ખાઈ શકાય તેવા ભરેલા મરચાં, ગાજર, ખાટુ-ગળ્યુ કેરીનું અથાણુ, લસણની ચટણી, કઈડા નાના પાઉચમાં વેચાઈ રહ્યા છે. આ ઉપરાંત વિવિધ જાતની પુરી, થેપલા, વડા પણ બજારમાં ઉપલબ્ધ છે. સુકીભાજી, કાજુ કારેલા અને ભરેલા ભીંડાનું શાક ખરીદવાવાળા ગ્રાહકોનો પણ મોટો વર્ગ છે. દિવાળી જેવા તહેવારોમાં જેમ મંડપ બાંધીને સ્વીટ-નમકીનનું વેચાણ કરવામાં આવે છે તેવી જ રીતે છઠ્ઠ-સાતમને વિવિધ વાનગીઓ વેચાય છે.

## શીતળા સાતમે સગડી-ચૂલાની પૂજાનુ મહાત્મય

ગાંધીનગર, તા. ૨૬

શ્રાવણ માસની સુદ અને વદ બંને સાતમને શીતળા-સાતમ કહેવામાં આવે છે. તેના આગળના દિવસને રાંધણ છઠ્ઠ કહે છે. રાંધણ છઠ્ઠના દિવસે બધુ રાંધી લીધા પછી બહેનો સગડી ઈત્યાદિ રસોઈના સાધનોની પૂજા કરે છે અને બીજા દિવસે એટલે કે શીતળા-સાતમે ઠંડુ જમે છે.

આ ઉત્સવ સાધન પૂજાનો મહિમા સમજાવે છે. જે સાધનો દ્વારા આપણે આપણુ કાર્ય સાધીએ છીએ તે સાધનો જડ હોવા છતાં પણ આપણા ઉપયોગમાં આવ્યા છે. તેથી આપણી તેમના માટે કૃતજ્ઞ બુદ્ધિ રહેવી જોઈએ. તાત્વિક દૃષ્ટિએ જોતા જગતમાં કશુ જડ છે જ નહિ. અને એ રીતે આપણા કામમાં સહાયક બનનાર નિમિત્તરૂપ સાધનોમાં રહેતા સુષુપ્ત ચૈતન્યની આપણે પૂજા કરવી જોઈએ. શીતળા-સાતમને દિવસે સ્ત્રીઓ સગડી-ચૂલાની પૂજા કરે છે. ચૂલો એ તો ઘરનો દેવતા છે. કૃતજ્ઞતાના

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાની આવાસ યોજના અન્વયે ૧૨૦૦ અરજદારોએ ફોર્મ ભર્યા

## હજુ ચાર દિવસ બાકી : આગામી તબક્કામાં ડ્રો થશે !

ગાંધીનગર, તા. ૨૬

ગુડાની શુભ-લાભ આવાસ યોજના અન્વયે ૧૨૦૦ અરજદારોએ પોતાના ફોર્મ ભરીને સુપ્રત કર્યા છે. જો કે ફોર્મ સુપ્રત કરવાની આખરી તારીખ ૩૧ ઓગષ્ટ નિયત કરવામાં આવી છે. ગુડા દ્વારા અગાઉ એક મહીનાની મુદત લંબાવવામાં આવી હતી. જ્યારે હાલ આખરી દિવસોમાં ફોર્મ ભરપાઈ કરવાની જટીલ પ્રક્રીયા પાર પાડવા અરજદારો મથામણ કરી રહ્યા છે.

ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ગુડા દ્વારા નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં રાયસણ અને ચિલોડામાં આવાસ ફાળવવા અરજદારો પાસેથી ગુડા કક્ષાએથી અરજીઓ મંગાવવામાં આવી છે. ફોર્મ વિતરણ બાદ ગુડા દ્વારા અગાઉ ૩૧ જુલાઈ સુધીમાં પોતાની અરજીઓ સુપ્રત કરી દેવા અરજદારોને જણાવાયું હતું. પરંતુ આ સમયગાળો પર્યાપ્ત ન હોવાથી ગુડા કક્ષાએથી આવાસ યોજનાના ફોર્મ ભરીને સુપ્રત કરવા સંદર્ભે એક મહીનાની મુદત વધારી આખરી

● અનુસંધાન પાન-૭ પર

### હેલ્પ ડેસ્ક શરૂ કરવા પ્રબળ માંગ

ગાંધીનગર, તા. ૨૬

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસ-યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જ્યારે આ યોજનાના લાભાર્થીઓને આવરી લેવા માટે હાલ ફોર્મ ભરીને સુપ્રત કરવાની પ્રક્રીયા ચાલી રહી છે. પરંતુ આવાસ-યોજનાના ફોર્મ ભરવાની પ્રક્રીયા આમ નાગરિકો માટે થોડી જટીલ હોવાનુ ધ્યાને આવ્યું છે. જ્યારે ફોર્મ સાથે ભરપાઈ કરવાના થતા જરૂરી પુરાવા, વિગતો તેમજ અન્ય સંબંધિત માહિતી મેળવવા અરજદારોએ મુંઝવણ પણ અનુભવવી પડે છે. આ દરમિયાન મંડરાતા અનેક પ્રશ્નોનો જવાબ મેળવવા ગુડા કક્ષાએ એક હેલ્પ ડેસ્ક કાર્યરત થાય તેવો પણ સૂર ઉઠવા પામ્યો છે. આગામી દિવસોમાં પણ નવી આવાસ યોજનાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે આમ નાગરિકોને માર્ગદર્શન પુરૂ પાડવા અને મદદરૂપ થવા હેલ્પ ડેસ્ક શરૂ થાય તેવી પ્રબળ લાગણી પ્રવર્તી છે.

# જીલ્લાના બે ગ્રામ્ય માર્ગો માટે રૂ. ૧.૧૫ કરોડ મંજૂર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના બે મહત્વના ગ્રામ્ય માર્ગોના મજબૂતીકરણ માટે તથા આ પૈકી શાહપુર ગામના એપ્રોચ માર્ગને ૭ મીટર પહોળો કરવાના કામે માર્ગ મકાન વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મંજુરી આપી છે.

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે આ અંગે જણાવ્યું છે કે શાહપુર ગામના એપ્રોચ રસ્તાને ૭ મીટર પહોળ કરવાની તેમજ વાઈન્ડીંગ કરી માટી કામ સાથેનું કામ મંત્રીશ્રીએ મંજૂર કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે ગ્રામજનોની આ તાતી જરુરિયાત અંગે સરકારમાં તેમણે રજુઆત કરી હતી. મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ રજુઆતને ગ્રાહ્ય રાખી ગાંધીનગરના થઈ રહેલા વિકાસને પણ ધ્યાને લઈ આ માર્ગ માટે રૂ. ૩૫ લાખનો ખર્ચ કરવાની વહીવટી અને તકનીકી મંજુરી આપી છે.

આ ઉપરાંત ડભોડા-વડોદરાથી નરોડા-દહેગામ સુધીનો રોડ ૫.૫૦ મી. વાઈડનીંગ કરવા સહિતના કામ માટે રૂ. ૮૫ લાખની વહીવટી તથા તાંત્રિક મંજૂરી આપી છે.

ગાંધીનગર તાલુકાના આ બંને ગ્રામ્ય માર્ગ મહત્વના હોઈ રાજય સરકારે રૂ. ૧.૧૫ કરોડના ખર્ચની મંજુરી આપવા બદલ માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો આભાર માનતાં તેમણે જણાવ્યું છે કે આ બંને માર્ગના કામથી વાહન વ્યવહાર સરળ થશે તેમજ ગાંધીનગરમાં આંતર માળખાકીય વિકાસના કામોને નવો વેગ મળશે.

# ઘ-૬ નજીક એક્ટીવા-કાર અથડાયા : બેને ઈજા

## પુરપાટ ઝડપે દોડતા એક્ટીવા રોંગસાઈડમાં આવતી કારને ટકરાતાં સર્જાયેલો અકસ્માત : ઉશ્કેરાયેલા ટોળાએ કારને પલટી ખવડાવી ઉંઘી પાડી દીધી હતી

ગાંધીનગર, તા. ૨૬



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેરના ઘ-૬ પર તુલસી એપાર્ટમેન્ટની આગળ સર્કલથી ૨૪ ચોકડી તરફ જતા માર્ગ પુરપાટ ઝડપે આવી રહેલ એક્ટીવાના ચાલકે સામેથી રોંગ સાઈડમાં આવી રહેલ કાર સામે ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટીવા પર સવાર બે યુવકને શરીરે અને પગના ભાગે ભારે ઈજાઓ થવા પામી હતી અને અકસ્માત બાદ રોષે ભરાયેલા ટોળાએ કારને પલટી ખવડાવી દેતા નુકશાન થયું હતું. આ મામલે પોલીસ તાત્કાલિક આવી સમગ્ર મામલો સંભાળી લીધો હતો અને અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, ફરિયાદી શક્તિસિંહ વાઘેલાના બે પિત્રાઈ ભાઈઓ કુલદિપસિંહ અને યુવરાજસિંહ (રહે. કોલવડા ગામ)

● અનુસંધાન પાન-૭ પર

### રોંગ સાઈડમાં દોડતાં વાહનો ગંભીર અકસ્માતો સર્જે છે

ગાંધીનગર, તા.૨૬

એક સેકટરમાંથી બીજા સેકટરમાં જતી વખતે મુખ્ય માર્ગને ક્રોસ થતા આડા રોડ પર અવારનવાર અકસ્માતો સર્જાતા ડીવાઈડર પરના કટને બંધ કરી દેવાયા હતા પરંતુ વાહનચાલકો ફરીને લાંબુ અંતર કાપવું ન પડે તે માટે રોંગ સાઈડે વાહન ચલાવતા પણ અચકાતા નથી. જેના કારણે અવારનવાર અકસ્માતો સર્જાતા રહે છે.

ગાંધીનગરની રચના એક ચોકકસ ડીઝાઈન મુજબ જ કરવામાં આવી છે. શહેરના આડા અને ઉભા મુખ્ય માર્ગો મોટા ભાગે એકદમ સીધા છે. એક સેકટરમાંથી બીજા સેકટરમાં જવા માટે આ માર્ગો પર થોડાક થોડાક અંતરે કટ મુકવામાં આવ્યા હતા. જો કે અહીં જ અકસ્માતો સૌથી વધુ સર્જાતા ટ્રાફિક પોલિસની ભલામણથી તંત્ર એ આ કટ બંધ કરી દીધા હતા. આથી વાહનાલકોને એક સેકટરમાંથી બીજા સેકટરમાં જવા માટે અને મુખ્ય સર્કલ સુધી પહોંચવા માટે લાબુ અંતર કાપવું પડતું હતું. લાંબુ અતંર ન કાપવું પડે તે માટે કેટલાક વાહનચાલકો રોંગ સાઈડમાં પોતાનું વાહન ચલાવે છે અને અકસ્માતો સર્જે છે. વળી કયારેક તેમની ઝડપ પણ પણ એટલી વધારે હોય છે કે પોતાની સાઈડમાં આવતું વાહન પણ કોઈ વાંક ગુન્હા વગર અકસ્માતનો ભોગ બને છે. દરેક માર્ગ પર તો ટ્રાફિક પોલીસ ઉભી રહી શકતી નથી ત્યારે વાહનચાલકોએ જાતે જ સમજી વિચારીને એવું ડ્રાઈવીંગ કરવું જોઈએ જે બીજા માટે જાનનું જોખમ ન બને.

# આર.ટી.ઓ. કચેરી અરજદારો માટે માથાના દુખાવા રૂપ : કામગીરી ઠપ્પ!

ગાંધીનગર, તા.૨૬

રાજયની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરી અરજદારો માટે માથાના દુખાવારૂપ બની ગઈ છે. પેપરલેસ ગણાતી આર.ટી.ઓ. કચેરીમાં છાશવારે ટેકનિકલ ક્ષતિઓ ઉદભવતા અરજદારોના કામ થતા નથી. આજે પણ સર્વર ડાઉન થતા કચેરીમાં કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. છેલ્લા ૧૫ દિવસમાં ત્રીજીવાર આમ બનતા લાયસન્સ તેમજ વાહન નોંધણી સહિતની કામગીરી અટવાઈ પડી છે.

**૧૫ દિવસમાં ત્રીજીવાર ટેકનિકલ ક્ષતિ ઉદભવી સર્વર ડાઉન થતા કામ અટવાયું**

'ગ' માર્ગ પર સ્થિત આર.ટી.ઓ. કચેરીમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાથી પેપરલેસ આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોના કામ ચપટીમાં થશે તેવી ગુલબાંગો અનેકવાર કાને સાભળવામાં આવી છે. પરંતુ ઓનલાઈન લાયસન્સ અને એપોઈન્ટમેન્ટ પધ્ધતિની સોહામણી વાતો બાદ પણ અરજદારો હજી જુની પુરાણી સમસ્યાઓ વચ્ચે જ ઘેરાયેલા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. હાઈટેક ગણાતી આરટીઓ કચેરીમાં થોડા સમય અગાઉ પ્લાસ્ટીકના કાર્ડસ ઉપલબ્ધ ન થતા અરજદારોએ લાયસન્સ મેળવવા માટે વલખા મારવા પડતા હતા. જયારે હવે સિસ્ટમમાં ખામી સર્જાતા લાયસન્સની પ્રક્રિયા પણ અટવાઈ પડી છે. ગત સપ્તાહ દરમિયાન ડ્રાઈવીંગ ટ્રેકમાં શોર્ટ સર્કીટ તથા ખામી સર્જાવાના લીધે અરજદારોના ડ્રાઈવીંગ ટેસ્ટ લઈ શકાયા ન હતા જયારે સારથી નામના સોફટવેરમાં પણ ક્ષતિ ઉદભવી હતી. જયારે આજે પણ ટેકનિકલ ક્ષતિના લીધે આર.ટી.ઓ. કચેરીમાં કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જેના પરિણામે લાયસન્સ માટેની કસોટીની કામગીરી પણ અટવાઈ હતી. એક બાજુ આર.ટી.ઓ. કચેરી હાઈટેક અને પેપરલેસ હોવાની સઘળી કામગીરી આંગળીના ટેરવે હોવાનું જણાવી વિભાગ હરખાય છે. બીજી તરફ દર બે ચાર દિવસે ઉદભવતી ખામીના લીધે અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. પરંતુ સમસ્યાનું કાયમી નિરાકરણ આવતું નથી.




## બેસણું



મારા ધર્મપત્ની **સ્વ. બાલુબેન સેંધાજી ઠાકોર**નું તા. ૨૪/૮/૧૩ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૯/૮/૧૩ને ગુરૂવાર**ના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : ઠાકોરવાસ, ગામ-સરગાસણ, તા.જી. ગાંધીનગર**

**ઠાકોર સેંધાજી મણાજી**

**ઠાકોર રમેશજી સેંધાજી (પુત્ર)** **ઠાકોર ભરતજી સેંધાજી (પુત્ર)**

**ઠાકોર રોહિતજી સેંધાજી (પુત્ર)** **ઠાકોર ઈલાબેન જયંતિજી (પુત્રી)**






## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૯-૮-૧૩, ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૫ કોર્નર
૨. સેક્ટર-૬

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ






**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com